સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ
અને વિચરતી વિમુકત જાતિની
આશ્રમશાળાઓના વર્ગ-૪ ના કર્મચારીઓને
આપવામાં આવતા વેતનમાં ઉચ્ચક વધારો
કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૩/હા..૫/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૪/૦૪/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૩/૧૨/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃઅસમ/૧૦૯૯/૨૩૨૮/અ.૧,

પ્રસ્તાવનાઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોના સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર ખાતા ધ્વારા અનેકવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા વિચરતી અને વિમુકત જાતિના બાળકોના શૈક્ષણિક વિકાસને ધ્યાને રાખીને ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે આશ્રમશાળાઓ ચલાવવાની યોજના અમલમાં છે. આ યોજના અન્વયે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧૭૧ અને વિચરતી-વિમુકત જાતિની ૧૭ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓ કાર્યરત છે. આ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિના બાળકોને રહેવા તથા જમવા અને ભણવાની સગવડ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. આ ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળાઓમાં બાળકોના ભોજનની વ્યવસ્થા માટે વર્ગ-૪ ના બિન શૈક્ષણિક કર્મચારી(રસોઇયા, રસોડા કામદાર) ની જગ્યા તથા જયાં ખેતીની જમીન હોય ત્યાં કમાઠીની જગ્યાઓ હોય છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ના બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યા વંચાણ હેઠળના ક્રમાંક(૧) પરના વિભાગના તા. ૧૩/૧૨/૨૦૦૧ ના ઠરાવથી માસિક રૂ. ૧૫૦૦/- ના ફીકસ પગારથી ભરવા મંજૂરી આપવામાં આવેલ હતી. આ જગ્યા પર ફરજ બજાવતા વર્ગ-૪ ના ફીકસ પગાર મેળવતા કર્મચારીઓના ફીકસ પગારમાં વધારો કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ (રસોઇયા, રસોડા કામદાર, કમાઠી) ની ખાલી પડેલ કે નવી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ ફીકસ પગારથી ભરવા બાબતે વંચાણ હેઠળના ક્રમાંક(૧) પરના વિભાગના તા. ૧૩/૧૨/૨૦૦૧ ના ઠરાવથી માસિક રૂ. ૧૫૦૦/- ના ફીકસ પગાર નકકી કરવાનું ઠરાવવામાં આવેલ હતું. તે જગ્યાઓ પર ફીકસ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓના ફીકસ પગારમાં ઉચ્ચક (Adhoc) વધારો કરીને માસિક રૂ. ૬૦૦૦/- ચૂકવવા અને સબંધિત કર્મચારીના બેંક એકાઉન્ટમાં તે બારોબાર જમા કરવા નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ પગાર વધારાનો અમલ હુકમની તારીખથી કરવાનો રહેશે.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ની જગ્યા પર ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓ (રસોઇયા, રસોડા કામદાર,કમાઠી)ને નાણાં વિભાગનો તા. ૧૬/૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ લાગુ પડશે નહીં.

(3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિચરતી વિમુકત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વર્ગ-૪ ની જગ્યા પર ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓ (રસોઇયા, રસોડા કામદાર,કમાઠી) તેમની જગ્યાઓ પર નિયમિત નિમણૂંક માટે હકકદાવો કરી શકશે નહિં. કે તેના માટે નામ. કોર્ટમાં દાવો કરી શકશે નહિં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) ની તા.૨૪ /૪/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. વી. દેસાઇ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા) (નિયામકશ્રી(વિ.જા)મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.